મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૧૧-૦૯-૨૦૨૫ ગુરૂવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૪૯

પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત હવે આંગળીના ટેરવે

તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે

Garvitakat.com લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### સપ્ટેમ્બર મહિનો ગુજરાતમાં અનેક પરિવર્તનનો સાક્ષી બની રહ્યો છે

# કયા મંત્રીની પાટલી સલામત! કોને લોટરી લાગશે! ભાજપ MLAમાં ચર્ચા

**હવે તમામ 'બહાના' પુરા થયા હોવાનો સૂર : ઉપરાષ્ટ્રપતિ ચુંટણી પુરી, ચોમાસુ સત્ર પણ સંપન્ન! મોવડીઓના 'મન' અંગે એમએલએ સંકુલમાં રાતના બેઠકો યોજાય છે**

**સંગઠન પણ રાહ જુએ છે : ખરેખર મોવડીમંડળ ફેરફાર કરશે કે સ્થાનિક ચૂંટણી સુધી 'આમને આમ' હલાવશે! ચાર દિવસમાં ચર્ચાની થીમ એક જ રહી**

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૦

ગુજરાતમાં વિધાનસભાના ત્રણ દિવસના ટુંકા ચોમાસુ સત્રનો આજે અંત આવતા જ ભાજપના ધારાસભ્યોમાં હવે શું અને હવે કયારે તે પ્રશ્ન પુછાવા લાગ્યો છે અને છેલ્લા ચાર દિવસથી જે રીતે ભાજપ-વિપક્ષના ધારાસભ્યો સતત ગાંધીનગરમાં રહ્યા. તેઓ એકબીજાને મોવડીમંડળના મનમાં શું છે તે જાણવા પ્રયાસ કરતા રહ્યા હતા.

ભાજપના ટોચના સૂત્રોએ સ્વીકાર્યુ કે હવે તો લ્ઈન્તજાર'ની પણ પરીક્ષા લેવાની હોય તેવી સ્થિતિ છે. અનેક ધારાસભ્યોને મંત્રીમંડળમાં સમાવેશ થશે તેવું તેમના રાજકીય ગોડફાધર એ ખાતરી આપી હતી. ભાજપમાં સંગઠન નવરચના પણ અટકી પડી છે અને એક યા બીજો સમય પુરો થયા બાદ તે હાથ પર લેવાશે તેવી ચર્ચા હતી.

હવે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પુરી થઈ છે અને વિધાનસભાનું સત્ર પણ આજે પુરુ થશે તો ગૃહમાં પણ ભાજપના ધારાસભ્યો જયા મંત્રીઓ બેસે છે તે પાટલી પર સતત નજર કરતા હતા અને કોણ હવે આગામી સત્રમાં આ મંત્રી પાટલી પર હશે અને કોણ નવા આવશે તે પણ ચર્ચા હતી.

સપ્ટેમ્બર માસ એ ગુજરાત ભાજપ માટે મોટાભાગે ઉથલપાથલનો સમય રહ્યો છે. પાંચ




વખત નેતૃત્વ પરિવર્તન પણ સપ્ટેમ્બરમાં થયા છે. જો કે આ વર્ષે નેતૃત્વ પરિવર્તનની શકયતા નથી પણ મંત્રીમંડળમાં ફેરફારનું અને નવા ચહેરાને સ્થાનનું આશ્વાસન તો કોંગ્રેસમાંથી આવેલા ધારાસભ્યોને પણ આપવામાં આવ્યું છે. તેમાંથી પણ હવે ભાજપમાં 'મજાક' કરવામાં આવી રહી છે તો ભાજપના અનેક ધારાસભ્યો પણ હશે.

૨૦૨૭ અંત સુધી મંત્રી બની રહેવા માંગે છે. આ સ્થિતિમાં કોણ જશે કોણ રહેશે તેનું સસ્પેન્સ વધ્યુ છે. જો કે પહેલા તો મોવડી મંડળ ખરેખર મંત્રીમંડળ વિસ્તરણ કરવા માંગે છે કે કેમ તે પ્રશ્ન છે. નાના રાજયો ગોવા-

**તા.૨૧ના સૂર્યગ્રહણ છે અને ભાજપના મુરતીયાઓ હવે તેને પણ એક ફેકટર ગણવા લાગ્યા છે તેવી રમૂજ પક્ષમાં ફરી વળી છે.**

ઉતરાખંડમાં મંજુરી આપી છે તે સ્થિતિમાં ગુજરાતમાં મોદી-શાહે જે લીલીઝંડી આપવાની છે. અનેક ધારાસભ્યો વિશ્વાસ ધરાવે છે કે હવે તા.૨૨ના નોરતા શરૂ થતા જ કંઈક સારા સમાચાર મળશે. જેમાં સંગઠન પણ સામેલ છે.

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓ હવે દિવાળી પછી નિશ્ચિત છે અને તે માટે ટાઈમ પણ ઓછો છે તો હજુ કોઈ સંકેત નથી તો વધુ એક વખત લાકડી-ગાજર ફોર્મ્યુલા આવશે કે પછી લ્મુર્હુત' જોવાશે તેના પર સૌની નજર છે.

ખાસ કરીને આમ આદમી પાર્ટીની સક્રીયતા-ગોપાલ ઈટાલીયા ઈફેકટને ભાજપ કેટલી ગંભીરતાથી લે છે તેના પર પક્ષના લોકોની નજર છે. રાજયમાં તા.૧૭થી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદીનની ઉજવણી થશે. તેના કાર્યક્રમો પણ આપી દેવાયા છે તે પછી તા.૨૨નો દિવસ મહત્વનો છે. તા.૨૧ના સૂર્યગ્રહણ છે અને ભાજપના મુરતીયાઓ હવે તેને પણ એક ફેકટર ગણવા લાગ્યા છે તેવી રમૂજ પક્ષમાં ફરી વળી છે.

### શિક્ષણ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે

## તા.૧૬ સપ્ટેમ્બરે ગુજરાતની શાળાઓના સમયમાં ફેરફાર; માત્ર 3 કલાક જ વિદ્યાર્થીઓને ભણાવાશે!

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૦

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે, જે અંતર્ગત આગામી ૧૬ સપ્ટેમ્બરના રોજ રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓનો સમય સવારનો રહેશે. આ નિર્ણય શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંને માટે સુવિધાજનક રહેશે.

રાજ્યના શિક્ષણ વિભાગના નવા આદેશ મુજબ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પ્રાથમિક શાળાઓનો સમય સવારે ૮ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધીનો રહેશે. સામાન્ય દિવસોની સરખામણીએ આ દિવસે શાળાઓ ત્રણ કલાક વહેલી પૂર્ણ થઈ જશે. શિક્ષણ વિભાગ દ્વારા આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય શિક્ષક મહાસંઘ દ્વારા આ દિવસે રાજ્યવ્યાપી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર કાર્યમાં શિક્ષકો મોટી સંખ્યામાં જોડાઈ શકે અને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી શકે તે હેતુથી શાળાઓનો સમય સવારનો કરવામાં આવ્યો છે.

આ નિર્ણય દ્વારા શિક્ષણ વિભાગે શિક્ષકોના સામાજિક કાર્યોને




પ્રોત્સાહન આપ્યું છે અને તેમને રક્તદાન જેવા ઉમદા કાર્યમાં ભાગ લેવા માટે પૂરતો સમય પૂરો પાડ્યો છે. આ આદેશનું પાલન કરવું તમામ પ્રાથમિક શાળાઓ માટે ફરજિયાત છે. આ જાહેરાત શિક્ષકો અને વાલીઓ બંને માટે રાહતરૂપ બની રહેશે.

૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ રોજ યોજાનાર ભવ્ય મહારક્તદાન શિબિર એ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ ગુજરાતના કર્મચારીઓ દ્વારા માનવતાના મહાદાનનું એક ઉદાહરણ છે. આ શિબિરનું આયોજન ભારત સરકારના મહત્વકાંક્ષી 'ઓપરેશન સિંદૂર' ની સફળતા અને ગુજરાતના પનોતા પુત્ર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ કરવામાં આવ્યું છે.

આ ભગીરથ કાર્યમાં રાજ્યના તમામ વિભાગોના કર્મચારીઓ ઉમંગભેર જોડાઈ રહ્યા છે. ખાસ કરીને, શિક્ષણ ક્ષેત્રે કાર્યરત પ્રાથમિક શિક્ષકો પણ આ સમાજોપયોગી પ્રવૃત્તિમાં પોતાનું યોગદાન આપવા ઉત્સાહિત છે. આ મહાન કાર્યમાં શિક્ષક ભાઈ-બહેનો સરળતાથી ભાગ લઈ શકે તે હેતુથી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના કાર્યાલય દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. તા. ૧૬/૦૯/૨૦૨૫, મંગળવારના રોજ રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓનો સમય સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાક સુધીનો રહેશે. આ ફેરફાર ફક્ત આ એક જ દિવસ પૂરતો લાગુ પડશે, જેથી શિક્ષકો સવારે ૧૧ પછી ૩૦૦થી વધુ સ્થળોએ આયોજિત રક્તદાન શિબિરમાં ભાગ લઈ શકે.

રક્તદાન એ જીવનદાન છે. એક નાનકડું યોગદાન કોઈના જીવનને બચાવી શકે છે. રાજ્યના તમામ પ્રાથમિક શિક્ષકોને આ અવસરનો લાભ લઈને આ માનવતાના મહાદાનમાં જોડાઈ, સમાજ પ્રત્યેની પોતાની ફરજ નિભાવવા અપીલ છે. આ નિર્ણય શિક્ષકોને સમાજસેવામાં જોડાવા માટે પ્રોત્સાહિત કરશે અને રક્તદાનના મહત્વ વિશે જાગૃતિ પણ ફેલાવશે.

### જિલ્લા ભાજપ પ્રમુખ ગિરીશભાઈ રાજગોરની આગેવાનીમાં અભદ્ર ટિપ્પણી સામે ઉગ્ર વિરોધ, કડક કાર્યવાહીની માંગ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતૃશ્રી પર અભદ્ર ટિપ્પણીના વિરોધમાં મહેસાણા જિલ્લા ભાજપાનું ધરણું, જિલ્લા કલેકટરને આવેદન

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૦

બિહારમાં કોંગ્રેસના કાર્યકર મોહમ્મદ રિઝવી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વર્ગસ્થ માતૃશ્રી હીરાબા વિરુદ્ધ કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણીના વિરોધમાં મહેસાણા જિલ્લા ભાજપ દ્વારા આજે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.

જિલ્લા ભાજપ પ્રમુખ ગિરીશભાઈ રાજગોરની આગેવાનીમાં આયોજિત આ ધરણામાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને આગેવાનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી, આરોપી સામે



કડક કાનૂની કાર્યવાહીની માંગ કરવામાં આવી.

બિહારના દરભંગામાં કોંગ્રેસ અને આરજેડી દ્વારા આયોજિત 'મતદાર અધિકાર યાત્રા' દરમિયાન મોહમ્મદ રિઝવીએ વડાપ્રધાન મોદીના માતૃશ્રી વિશે અશોભનીય ટિપ્પણી કરી હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ ઘટનાએ દેશભરમાં ભારે આક્રોશ જન્માવ્યો છે. મહેસાણા જિલ્લા ભાજપે આ ટિપ્પણીને નિંદનીય અને અસહ્ય ગણાવી, તેને માત્ર વડાપ્રધાનનું જ નહીં, પરંતુ સમગ્ર દેશની માતૃશક્તિનું અપમાન ગણાવ્યું.

ધરણા દરમિયાન ભાજપ કાર્યકરોએ 'રાહુલ ગાંધી હાય હાય' અને 'કોંગ્રેસ માફી માંગો' જેવા નારા લગાવીને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા. જિલ્લા ભાજપ પ્રમુખ ગિરીશભાઈ રાજગોરે જણાવ્યું કે, 'આવી અભદ્ર ભાષા રાજનૈતિક મર્યાદાઓનું ઉલ્લંઘન છે અને ભારતીય સંસ્કૃતિનું અપમાન છે. અમે માંગ કરીએ છીએ કે આરોપી સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવામાં આવે.'

આવેદનપત્રમાં ભાજપે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને આરજેડી નેતા તેજસ્વી યાદવ પાસે જાહેરમાં માફી માંગવાની માંગ કરી છે.

આ ઉપરાંત, આરોપી મોહમ્મદ રિઝવી સામે કાનૂની કાર્યવાહીની પણ માંગ કરવામાં આવી છે. ધરણામાં જિલ્લાના અન્ય ભાજપ આગેવાનો, યુવા મોરચા, મહિલા મોરચા અને કાર્યકરોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

### વાહન ચાલકોએ હેડલાઈટ ચાલી રાખવી પડી છે

## વિસનગર શહેરમાં ધૂંધળા વાતાવરણને કારણે વાહન ચાલકો પરેશાન બન્યા



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૦

વિસનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં વહેલી સવારે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. આકાશમાં ગાઢ ધુમ્મસની ચાદર છવાઈ ગઈ છે. ચારેબાજુ ધૂંધળું વાતાવરણ સર્જાયું છે. રોડ પરની દ્રશ્યતા ખૂબ જ ઘટી જવાથી વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે.

વાહન વ્યવહાર ધીમો પડી ગયો છે. વાહન ચાલકોએ હેડલાઈટ ચાલુ રાખવી પડી છે. ધીમી ગતિએ વાહન ચલાવવા છતાં રસ્તા પર વિશેષ સાવચેતી રાખવી પડી રહી છે. ધુમ્મસની સૌથી વધુ અસર વહેલી સવારે મુસાફરી કરતા લોકો અને શાળાએ જતા વિદ્યાર્થીઓ પર થઈ છે.

ધુમ્મસના કારણે વાતાવરણમાં ઠંડક વધી છે. દિવસ ચડતાની સાથે ધુમ્મસ હળવું થવાની આશા છે. આ અચાનક બદલાયેલા વાતાવરણે લોકોમાં આશ્ચર્ય અને કુતૂહલ જગાવ્યું છે.

### પોકસોના કેસમાં વોન્ટેડ આરોપીને મહેસાણાની કોર્ટે ૧૦ વર્ષની સજા ફટકારી

## વિજાપુર પંથકની બે સગીરાને ફોસલાવી લઈ ગયેલી મહિલાએ બે યુવકોને વેચી મારી હતી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૦

પોતાની માસીના ઘરે જવા માટે નીકળેલી વિજાપુર પંથકની બે સગીર બહેનોને ફોસલાવીને પોતાની સાથે લઈ ગયેલી મહિલાએ બે યુવકોને વેચી મારી હતી અને આ બંને યુવકોએ તેમની ઉપર આચરેલા દુષ્કર્મને પગલે ૯ વર્ષ પૂર્વે વિજાપુર પોલીસ મથકે ગુનો દાખલ થયો હતો. પોકસોના કેસમાં ઘણા સમયથી વોન્ટેડ અને પાછળથી ઝડપાયેલી મહિલા આરોપીને મહેસાણાની પોક્સો કોર્ટે કેસ ચલાવીને અલગથી મંગળવારે ૧૦ વર્ષની સજા ફટકારી હતી.

વિજાપુર પંથકની બે સગીર બહેનો ૨ જૂન ૨૦૧૬ના રોજ પોતાની માસીના ઘરે વિસનગર તાલુકાના કુવાસાણા ગામે જવા નીકળી હતી. ચક્કર વિસ્તારમાં બેઠેલી બંને બહેનોને પ્રજાપતિ કૌશિક સેંધાભાઈ, ચૌહાણ જીતેન્દ્રસિંહ શકરાજી અને ચૌહાણ



સવિતાબેન જીતેન્દ્રસિંહ (બંને રહે.ગવાડા) પોતે પણ કુવાસણા જતા હોવાનું કહી તેમની સાથે લઈ ગયા હતા.

અને એકને રૂ.૫૦ હજારમાં અને બીજી બહેનને રૂ.૮૦ હજારમાં વેચી મારી હતી. બંને સગીર બહેનોને ખરીદનાર યુવકો પોતાના ગામડે લઈ જઈ તેમની સાથે મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે વિજાપુર પોલીસમાં નોંધાયેલી ફરિયાદ બાદ પોલીસે સવિતાબેન ચૌહાણ સિવાયના તમામ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

કેટલાક વર્ષો પૂર્વે કૌશિક પ્રજાપતિ અને જીતેન્દ્રસિંહ ચૌહાણ સહિતના આરોપીઓને કોર્ટે સજા ફટકારી હતી.

### રોડ ક્રોસ કરતી વખતે સફેદ કલર રંગની કારે ટક્કર મારી

## ઊંઝા હાઈવે પર એચપી પેટ્રોલપંપ નજીક ગંભીર અકસ્માત સર્જાયો : એકને ઈજા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૦

ઊંઝા હાઈવે પર એચપી પેટ્રોલપંપ નજીક એક ગંભીર અકસ્માત સર્જાયો છે. ઊંઝા શહેરના ગંજબજારમાં વેપાર કરતા પ્રકાશ બાબુલાલ પટેલને સફેદ રંગની કારે ટક્કર મારી છે. પ્રકાશભાઈ જી એલ પટેલ હાઈસ્કૂલ પાછળ આવેલ મોનાપાર્કમાં રહે છે.અકસ્માત સમયે પ્રકાશભાઈ પોતાના ટીવીએસ



જ્યુપિટર પર મક્તુપુર ફેક્ટરી તરફ જઈ રહ્યા હતા. એચપી પેટ્રોલપંપ પાસે રોડ ક્રોસ કરતી વખતે સિદ્ધપુર તરફથી આવી રહેલી સફેદ કારે તેમને ટક્કર મારી હતી.અકસ્માતમાં પ્રકાશભાઈને જમણા પગમાં ફ્રેક્ચર થયું છે. તેમને અન્ય નાની-મોટી ઈજાઓ પણ થઈ છે. ઈજાગ્રસ્ત પ્રકાશભાઈને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ઊંઝા પોલીસે પ્રકાશભાઈની ફરિયાદના આધારે સફેદ કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.




# લાગણીઓ ઉશ્કેરતી રાજનીતિ, સાવધાન રહેવું જોઈએ

શ્રીનગરની પ્રખ્યાત હઝરતબલ દરગાહના પુનઃસ્થાપન પથ્થરની તકતી પર રાષ્ટ્રીય પ્રતીક અશોક ચક્રની હાજરીથી કેટલાક કાશ્મીરી મુસ્લિમોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો જેઓ ઈદ-એ-મિલાદ (૫ સપ્ટેમ્બરના રોજ પયગંબર સાહેબનો જન્મદિવસ) પર મસ્જિદની મુલાકાત લેતા હતા. અશોક ચક્રને લક્ષ્ય બનાવીને તોડફોડની ઘટનાએ સમગ્ર દેશની લાગણીઓને ઠેસ પહોંચાડી હતી.

આ મુદ્દો ઈસ્લામ અને ઈસ્લામ અને બિન-ઈસ્લામની અંદર સંવેદનશીલતા સાથે સંબંધિત છે. આ વિવાદમાં રાજકારણ સામેલ થઈ ગયું હોવાથી, આ વિષયની નિષ્પક્ષ તપાસ જરૂરી છે. જમ્મુ અને કાશ્મીર વક્ફ બોર્ડે અસારી શરીફ હઝરતબલ દરગાહનું નવીનીકરણ કર્યું હતું.

તેનું ઉદ્ઘાટન ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ જમ્મુ અને કાશ્મીર વક્ફ બોર્ડના અધ્યક્ષ ડૉ. સૈયદ દરખ્શાન અંદ્રાબી દ્વારા કરવામાં આવ્યું હતું. તકતી પર કોતરેલા અન્ય સભ્યોમાં સૈયદ મોહમ્મદ હુસૈન, ડૉ. ગુલામ નબી હલીમ, બોર્ડના તહસીલદાર ઈશ્તિયાક મોહીઉદ્દીન અને એન્જિનિયર સૈયદ ગુલામ-એ-મુર્તઝાનો સમાવેશ થાય છે.

તકતીની ટોચ પર મધ્યમાં એક ઉર્દૂ લખાણ છે. જમણી બાજુએ અર્ધચંદ્રાકાર ઉપર એક મસ્જિદનું ચિત્ર છે અને ડાબી બાજુએ સમાન કદના અશોક ચક્રનું પ્રતીક છે. આ તકતી કે તેના પર કોતરેલું કોઈ પ્રતીક પૂજાનું નહોતું. એ ચોક્કસ છે કે અશોક ચક્ર ફક્ત ૩ સપ્ટેમ્બરના રોજ જ જોવા મળ્યું હતું. છતાં ૪ સપ્ટેમ્બર સુધી કોઈ અસંમતિ કે વિરોધનો અવાજ ઉઠાવવામાં આવ્યો ન હતો. ફક્ત ૫ સપ્ટેમ્બરના રોજ જ વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

પહેલા પુરુષોના એક જૂથે અને પછી મહિલાઓના એક જૂથે પથ્થરમારો કરીને તકતી પરના પ્રતીકની તોડફોડ કરી. આ એક ઈરાદાપૂર્વકનું કૃત્ય હોવાનું જણાય છે. આશ્ચર્યજનક રીતે, રાજકીય નેતાઓ દ્વારા તોડફોડનો બચાવ કરવામાં આવ્યો હતો. તેઓ બોર્ડ અથવા રાજ્યપાલ સાથે ખાનગીમાં આ મામલો ઉઠાવી શક્યા હોત, પરંતુ તેમણે એક અલગ અને ઉશ્કેરણીજનક અભિગમ અપનાવ્યો. તેમનો હેતુ કાશ્મીર સહિત દેશમાં લાગણીઓ ભડકાવવાનો હોવાનું જણાય છે. દિલ્હીમાં સંસદ ભવનમાં સિંહો પ્રતીકાત્મક છે અને મંદિરના ધાર્મિક મૂલ્યો સાથે અસંગત છે તે દલીલ સંપૂર્ણપણે પોકળ લાગે છે.

હઝરતબલ મંદિરની ખ્યાતિ એક પવિત્ર અવશેષ, પયગંબર મુહમ્મદની દાઢીના વાળ, જેને મોઈ-એ-મુકદ્દસ કહેવામાં આવે છે, તેના કારણે છે. તેને પયગંબરનું વ્યક્તિગત પ્રતીક તરીકે પૂજનીય માનવામાં આવે છે, જોકે તે ઔપચારિક રીતે પૂજનીય નથી. પ્રશ્ન એ ઊભો થાય છે કે શું અશોક ચક્રને પ્રજાસત્તાકના પ્રતીક તરીકે તકતી પર સન્માનિત ન કરી શકાય જ્યાં તેનું ઔપચારિક રીતે પૂજનીય ન હતું? અંદ્રાબીએ તોડફોડની નિંદા કરતા તેને ×આતંકવાદી હુમલો× અને બંધારણ, મંદિરની ગરિમા અને રાષ્ટ્રીય પ્રતીકો પર હુમલો ગણાવ્યો.

તેણીએ આ હિંસા માટે નેશનલ કોન્ફરન્સના કાર્યકરોને દોષી ઠેરવ્યા અને તેને વકફ બોર્ડને નિયંત્રિત ન કરી શકવા બદલ તેમની હતાશા સાથે જોડ્યા. આ નિવેદનમાં કંઈક સાર હોય તેવું લાગે છે, ખાસ કરીને કારણ કે ભૂતપૂર્વ મુખ્યમંત્રી શેખ અબ્દુલ્લાએ મસ્જિદો અને ધાર્મિક સ્થળો પર નિયંત્રણ મેળવીને અને તેમને વકફ બોર્ડ હેઠળ લાવીને કાશ્મીરી મુસ્લિમોના અગ્રણી નેતા તરીકે પોતાની જાહેર છબી બનાવી હતી. આ તેમની રાજનીતિનો આધારસ્તંભ હતો. કદાચ નેશનલ કોન્ફરન્સને વકફ બોર્ડ પર નિયંત્રણ ન હોવાનો અફસોસ છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

---

**કારના નંબરના આધારે મેમો ફટકાર્યો : દસાડાના યુવકને આરટીઓનું કામ પડતા રૂા.૧૫,૦૦૦નો મેમો બાકી હોવાની જાણ થઇ : વહીવટીતંત્રને રજૂઆત છતાં ઉકેલ નહીં આવતા હાલાકી**

# ભારે કરી! કારમાં હેલ્મેટ ન પહેરવા બદલ શંખેશ્વર પોલીસે દંડ ફટકાર્યો!

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૦

સુરેન્દ્રનગર-કારમાં હેલ્મેટ ન પહેરવા બદલ શંખેશ્વર પોલીસે ફટકાર્યો દંડ કટકરતા સોશિયલ મીડિયામાં કિસ્સો ખૂબ ચગ્યો છે. સુરેન્દ્રનગર આરટીઓ વિભાગ દ્વારા પણ તપાસ કર્યા વગર દંડની રકમ બાકી દર્શાવતા કાર ચાલકને હાલાકી વેઠવાની નોબત આવી છે.



દસાડા તાલુકાના આદરીયાણા ગામના વતની શોભરાજ ભગવાનભાઈ રથવી હાલ પાટણમાં રહે છે. તાજેતરમાં સુરેન્દ્રનગર આરટીઓ કચેરી દ્વારા કારનો હેલ્મેટ ન પહેર્યું હોય તેવો મેમો બાકી હોવાનું બહાર આવતા સમગ્ર પરિવાર મુંઝવણમાં મુકાઈ ગયો હતો અને કારનું આરટીઓને લગતું કામ હોવાથી હેલ્મેટનો મેમો બાકી હોવાની જાણ થઈ હતી.

જે મામલે તપાસ કરવામાં આવતા મેમો શંખેશ્વર પોલીસ દ્વારા આપવામાં આવ્યો હતો જે મેમામાં શોભરાજભાઈ પાસે કાર હોવા છતાં ટુ વ્હીલર દર્શાવવામાં આવ્યું હતું અને હેલ્મેટ ન પહેર્યું હોવાથી મેમો ફટકારવામાં આવ્યો હતો માત્ર આટલું જ નહીં પરંતુ આ મેમાની રકમ ભરપાઈ ન કરતા ચડીને રૂ.૧૫,૦૦૦ જેટલી થઈ ગઈ હોવાનું પણ બહાર આવ્યું હતું.

આ મામલે ભોગ બનનારે સુરેન્દ્રનગર આરટીઓ કચેરીને લેખિત રજૂઆત કરવા છતાં ગેરકાયદેસર રીતે આપવામાં આવેલ દંડ મામલે કાર્યવાહી કરવામાં ન આવતા તંત્ર સામે રોષ જોવા મળ્યો હતો.

જ્યારે બીજી બાજુ શંખેશ્વર પોલીસની પણ બેદરકારી સામે આવી હતી. આમ એક ખેડૂત પરિવારને બેદરકારીના કારણે પડી રહેલ હાલાકીનું સુખદ નિરાકરણ લાવવામાં આવે તેવી પરિવાર દ્વારા માંગ ઉઠવા પામી છે.''

---

# યાત્રાધામ સોમનાથ, દ્વારકા, અંબાજી અને સાપુતારામાં હેલિપોર્ટ બનશે : સરકારની વિધાનસભામાં જાહેરાત

ગાંધીનગર તા.૧૦

હાલ ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે. ચોમાસુ સત્ર બીજા દિવસની શરૂઆત આજે પ્રશ્નોતરી થઈ હતી. આજના સેશનમાં રાજયમાં આકાર લેનાર હેલીપેડ અંતર્ગત ચર્ચા થઈ હતી. આજે વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળમાં અમદાવાદ શહેરના ધારાસભ્ય દિનેશસિંહ કુશવાહ દ્વારા રાજ્યમાં હેલીપેડ વિકસાવવાની કામગીરી અંગે સરકારને સવાલ પૂછવામાં આવ્યો હતો.વિધાનસભાના પ્રશ્નોત્તરી સમયે બાપુનગર વિધાનસભા બેઠકના



ધારાસભ્ય દિનેશભાઈ દ્વારા સવાલ કરાયો હતો કે, ૩૧/૦૭/૨૦૨૫ની સ્થિતિએ એક વર્ષમાં રાજ્યમાં કયા-કયા સ્થળોએ હેલીપેડ વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે, તેની સ્થિતિ શું છે?

જેના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં દ્વારકા, સોમનાથ, અંબાજી અને સાપુતારા એમ પ્રવાસન સ્થળોએ હેલીપેડ સ્ટેશન વિકસાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે, જેનાં માટે દ્વારકામાં જમીન પણ મેળવવામાં આવી છે.અન્ય સ્થળો જેમકે સોમનાથ, અંબાજી અને સાપુતારામાં હેલિપોર્ટ માટે જમીન વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત માસ્ટર પ્લાનિંગ માટે એજન્સીની નિમણૂંક પણ કરવામાં આવી છે.

---

**ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર સંપન્ન : ધારણા રખાતી હતી તેવી ગરમી જોવા ન મળી**

# વિધાનસભામાં ફેક્ટરી એક્ટ સુધારા વિધાયક સમયે તડાફડી : આપના ઉમેશ મકવાણાએ બીલ ફાડયું

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૦

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના આજે બીજા અને અંતિમ દિવસે થોડી ગરમી જોવા મળી હતી. પરંતુ ત્રણ દિવસનું સત્ર અગાઉ ધારણા રખાતી હતી તે કોઈ મોટી તડાફડી વગર પુરુ થઈ ગયું હતું અને હવે સ્થાનીક સ્વરાજની સંસ્થાઓની ચુંટણી બાદ જ રાજય વિધાનસભાનું શિયાળું સત્ર મળશે.

તે દરમ્યાન રાજકીય વાતાવરણ ગરમ રહેશે. આજે સત્રમાં સરકારે ફેકટરી એકટ સુધારા વિધાયક રજુ કર્યુ જેમાં કામદારોને બાર કલાક સુધી કામની છુટ આપવામાં અવી છે. જો કે તેમાં ઓવર ટાઈમ આપવાની પણ જોગવાઈ છે. તે સમયે વિપક્ષ અને શાસકપક્ષના ધારાસભ્યો વચ્ચે હળવી તડાફડી થઈ હતી. આમ આદમીના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ એવી ટકોર કરી કે ધારાસભ્યએ પણ બાર-બાર કલાક કામ કરવું જોઈએ.જેનો જવાબ આપતા કોંગ્રેસ માંથી ભાજપમાં આવેલા સીનીયર ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડીયાએ એવો જવાબ આપ્યો કે ધારાસભ્યો ૨૪ કલાક કામ કરતા હોય છે. જો કામ ન કરે તો તે ચુંટાય જ નહીં. બીજી તરફ પ્રથમ વખત ધારાસભ્ય બનીને આવેલા આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયાએ કામદારોની જેમ પોલીસને પણ ઓવરટાઈમ આપવાની માંગણી કરી હતી.

એક તબકકે ગોપાલ ઈટાલીયા અને મોરબીના ભાજપના ધારાસભ્ય કાંતી અમૃતિયા હળવી તડાફડી થઈ હતી. ખાસ કરીને બારથી આવેલા કામદારોની નોંધણી મુદે ઈટાલીયાએ પ્રશ્ન ઉઠાવ્યો હતો. જો કે અમૃતિયાએ તેમાં દરમ્યાનગીરી કરતા બંને વચ્ચે તડાફડી થઈ તેમાં સીનીયર સભ્ય રમણ વોરા વચ્ચે આવ્યા હતાં.પાલ ઈટાલીયાએ ગૃહમાં અધિકારીઓ યોગ્ય સમયે હાજર રહેતા નથી તે મુદો પણ ઉઠાવ્યો હતો અને કહયું કે ખુદ અધ્યક્ષને એવી સુચના આપવી પડે કે અધિકારીઓએ હાજર રહેવું જરૂરી છે તેનો અર્થ શું થાય છે.એક તબકકે ફેકટરી એકટમાં ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપુત પણ હડફેટમાં આવી ગયા હતાં તેમને એક સમયે તેમના સાથીદાર અને કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે એવી ટકોર કરી કે ખુદ બીલ લઈ આવનાર મંત્રી પોતે ઉદ્યોગપતી છે. તો હાર્દિક પટેલે ઘરમાં ગૃહિણીઓ ચોવીસ કલાક કામ કેર છે તેવો મુદો ઉઠાવ્યો હતો.આ ખરડાની ચર્ચા દરમ્યાન આમ આદમી પાર્ટીના ઉમેશ મકવાણાએ ખાનગી ક્ષેત્રમાં પણ અનામત આપવાની માંગણી સાથે ગૃહમાં બીલ ફાડી નાખ્યું હતું. તો અધ્યક્ષે તેમને આ પ્રકારે બીલ નહીં ફાડવાની તાકીદ કરી હતી અને ઠપકો પણ આપ્યો હતો. વિધાનસભામાં આજે કામકાજ પુરુ થતાં જ હવે ધારાસભ્યો ફરી એક વખત પોતાના મત વિસ્તારમાં પરત ફરશે.

---

**૧૧૮૮૭૭.૨૭ ચોરસ મીટરમાં ફેલાયેલું નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ૧૨૦૩ દિવસમાં તૈયાર કરાયું છે**

# ગુજરાતના સૌથી મોટા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ૧૪મીએ શાહના હસ્તે ઉદ્ઘાટન

અમદાવાદ તા.૧૦

વર્ષ ૨૦૩૬માં ઓલમ્પિક અને ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે ભારતમાં તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે ગુજરાત પણ આ માટે સજ્જ થઈ રહ્યું છે. અમદાવાદના નારણપુરા ખાતે ગુજરાતનું સૌથી મોટું અને અત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તૈયાર થઈ ગયું છે.૧.૧૮ લાખ ચોરસ મીટરના વિસ્તારમાં રૂ. ૮૨૪ કરોડના ખર્ચે બનેલા આ કોમ્પ્લેક્સનું લોકાર્પણ આગામી ૧૪ સપ્ટેમ્બરના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા કરવામાં આવશે. તે દરમિયાન ભવ્ય કાર્યક્રમ અને જાહેર સભાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની કોમનવેલ્થ ગેમ્સ, વર્લ્ડ પોલિસ એન્ડ ફાયર ગેમ્સ તથા ઓસ્ટ્રેલિયન સ્પોર્ટ્સ એક્સેલન્સ ફોરમ જેવા આંતરરાષ્ટ્રીય સંગઠનોના પ્રતિનિધિઓએ મુલાકાત લીધી છે અને તેની ગુણવત્તા અને



**૬ ભાગમાં વહેંચાયેલું છે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ**

**નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને ૬ ભાગમાં વહેંચવામાં આવ્યું છે, જેમાં એક્વાટિક સ્ટેડિયમ, સેન્ટર ફોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ઈન્ડોર સ્પોર્ટ્સ એરેના અને કોમ્યુનિટી સ્પોર્ટ્સ સેન્ટર નામના અલગ અલગ ૪ બ્લોક બનાવવામાં આવ્યા છે.**

સુવિધાઓને માન્યતા આપી છે.

એશિયન એકવાટીક ચેમ્પિયનશીપ અને વર્લ્ડ વેઈટલીફટીંગ ચેંપિયનશીપની ટુર્નામેન્ટ આ નવા બનેલા સ્પોર્ટ્સ ખાતે યોજશે. આમ વિવિધ આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ કમિટી દ્વારા આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષને સુવિધાઓ બાબતે માન્યતા આપવામાં આવી ચૂકી છે. આ ભવ્ય સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને ૨૦૩૬ના ઓલિમ્પિકને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે.

**૮૨૪ કરોડના ખર્ચે બનાવવામાં આવેલું સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનીને તૈયાર**

**અમદાવાદના નારણપુરા વિસ્તારમાં પ્રગતિનગર, નંદનવન પાસે રૂ. ૮૨૪ કરોડના ખર્ચે બનાવવામાં આવેલું સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનીને તૈયાર થઈ ગયું છે. આ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનો ૨૯ મે ૨૦૨૨ના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહના હસ્તે શિલાન્યાસ થયો હતો.આધુનિક ટેકનોલોજી, વૈશ્વિક નોર્મ્સ અને જુદા જુદા ગેમ્સના ફેડરેશન દ્વારા કરવામાં આવેલા સૂચનો અને ભલામણોના આધારે લગભગ ૧.૧૮ ચો.મી.ના બિલ્ટઅપ એરિયા સાથે ડિઝાઈન કરી અને રૂ. ૮૨૪ કરોડના અંદાજીત ખર્ચે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત અને કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનાવવામાં આવ્યું છે. આ સિવાય સામાન્ય નાગરિકો પણ પોતાને મોબાઈલમાંથી બહાર કાઢીને ફિટ રહી શકે એ માટે કોમ્પ્લેક્સની અંદર જ ફિટ ઈન્ડિયા ઝોન બનાવાયો છે, સાથે જ ખેલાડીઓ માટે રહેવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં કુલ ૪ બિલ્ડિંગ અને ૬ ગેટ બનાવાયાં છે. ૮૫૦ ટૂ-વ્હીલર અને ૮૦૦ ફોર-વ્હીલર પાર્ક થઈ શકે એવું વિશાળ પાર્કિંગ બનાવાયું છે.અહીં આવવા માટે લોકોને ટ્રાન્સપોર્ટેશનની સરળ વ્યવસ્થા મળી રહે એ માટે અમદાવાદ શહેરની વચ્ચોવચ આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ઊભું કરાયું છે. સેન્ટર ફોર સ્પોર્ટ્સ એક્સેલન્સ ૨૪×૨૪ની હાઈટના બે મુખ્ય હોલ. બેડમિન્ટન, વોલીબોલ અને બાસ્કેટબોલ રમતોનું આયોજન થશે. ટેકવાન્ડો, કબડ્ડી, રેસલિંગ, જેવી રમતોની ટ્રેનિંગ પણ થઈ શકે છે. ઈન્ડોર મલ્ટિ સ્પોર્ટ્સ અરેન હોલ પણ છે.**

---

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ**આજે આવકના નવા સ્ત્રોત સર્જાશે. વાણીની નરમાઈ તમને માન આપશે. શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે. કેટલાક લોકોને આંખની સમસ્યા નડી શકે છે અથવા અનિદ્રાની સમસ્યા હોઈ શકે છે.

**વૃષભઃ** આજે સંતોષ અને શાંતિનો દિવસ રહેશે. રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નો સફળ થશે. શાસન અને સત્તાથી ઘણા ફાયદા થઈ શકે છે. નવી ડીલથી સ્ટેટસ, પ્રતિષ્ઠામાં વધારો થશે. તમે રાત્રે કેટલાંક અપ્રિય લોકોને મળી શકો છો.

**મિથુનઃ** આજે રોજગાર વેપારના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષજનક સમાચાર પણ મળશે. બપોરે કોઈપણ કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે.

**કર્કઃ** આજે તમારી આસપાસનું વાતાવરણ આનંદદાયક રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાંઝેક્શનની સમસ્યા ઉકેલાશે.

**સિંહઃ** આજે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. જીવનસાથીનો સહયોગ સહયોગ મળશે પણ બાળક તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે. સાંજે કામ અટકી પડવાની સંભાવના છે.

**કન્યાઃ** આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠા વધશે. બાળકની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારક રહેશે.

**તુલાઃ** આજે કોઈ કિંમતી વસ્તુ ગુમાવવી અથવા ચોરી થવાનો ભય રહેશે, તે ધ્યાનમાં રાખો. બાળકની કોઈપણ સ્પર્ધામાં અણધારી સફળતા વિશે જાણવા મળશે. સાંજ સુધીમાં કોઈ અટકેલું કામ પૂર્ણ થઈ શકે છે.

**વૃશ્ચિકઃ** આજે તમારા સ્વાસ્થ્યમાં-ખુશીમાં થોડો ઘટાડો થઈ શકે છે. વાદ-વિવાદની સંભાવના છે, ધૈર્ય રાખો. વિરોધીઓ મુશ્કેલી લાવી શકે છે. કેટલાક પ્રતિકૂળ સમાચારને લીધે તમારે અચાનક બહાર જવું પડી શકે છે.

**ધનઃ** આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો સફળ થશે. સાથીઓ અને સહકાર્યકરો તરફથી આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

**મકરઃ** આજનો દિવસ પુત્ર અને પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં પસાર થશે. વિવાહિત જીવનમાં સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધી સાથે વ્યવહાર ના કરો કારણકે સંબંધ ખરાબ થવાની સંભાવના છે.

**કુંભઃ** આજે કોઈ શારીરિક સમસ્યા ઊભી થઈ શકે છે. જે બાબતે ડોક્ટરની સલાહ લેવી જોઈએ. જો તમે શરીરને થોડો આરામ આપો તો તે વધુ સારું રહેશે.આજે કાર્યક્ષેત્રમાં મૂંઝવણ રહેશે. પારિવારિક જીવનમાં સુમેળ અને પ્રેમ રહેશે.

**મીનઃ** આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ તરફથી નિકટતાનો લાભ ઉપલબ્ધ થશે. સાસરાવાળા તરફના સહયોગથી વધુ ફાયદો થઈ શકે છે.

---

## ફિલ્મી ગપશપ

**ઉદ્યોગપતિના અવસાન બાદ પૂર્વ અને વર્તમાન પત્નીઓએ કાનૂની દાવપેચ શરૂ કર્યા**

### કરિશ્મા કપૂરના બાળકોએ પિતા સંજય કપૂરની મિલકતમાં હિસ્સો માંગ્યો, દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી

સ્વર્ગસ્થ સંજય કપૂરની અલગ રહેતી પત્ની કરિશ્મા કપૂરના બાળકોએ તેમની મિલકતને લઈને દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી છે. આ અંગે બુધવારે કોર્ટમાં સુનાવણી શરૂ થઈ હતી. આ અરજી સાથે, સંજય કપૂરના મૃત્યુ પછી તેમની ૩૦ હજાર કરોડ રૂપિયાની સંપત્તિનો વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે.કરિશ્મા કપૂરના બાળકો, ૨૦ વર્ષીય સમાયરા અને ૧૪ વર્ષીય કિયાને તેમની સાવકી માતા પ્રિયા સચદેવ કપૂર વિરુદ્ધ કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. તેમનો આરોપ છે કે પ્રિયાએ તેમના પિતાની વસિયતનામા સાથે ચેડા કર્યા છે જેથી તે આખી સંપત્તિ પર કબજો કરી શકે.

પ્રિયા કપૂરના વકીલ રાજીવ નાયરે હાઈકોર્ટને જણાવ્યું હતું કે આ કેસ સુનાવણી લાયક નથી. કરિશ્મા કપૂરના વકીલ જેઠ માલાણીએ 'બનાવટી વસિયતનામા'નો દાવો કરીને કોર્ટમાં પોતાનો કેસ રજૂ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે અમે સ્વર્ગસ્થ સંજય કપૂરની મિલકતનું વિભાજન ઈચ્છીએ છીએ. કરિશ્મા વતી હાજર રહેલા એડવોકેટ જેઠમલાણીએ કપૂરના મૃત્યુ પછીની ચોક્કસ તારીખો તરફ કોર્ટનું ધ્યાન દોર્યું. તેમણે કહ્યું કે, પ્રિયા કપૂરે પહેલા વાદીઓને કહ્યું હતું કે કોઈ વસિયત નથી. કેટલીક મિલકત ટ્રસ્ટ પાસે છે.

થોડા સમય પછી, ભૂતપૂર્વ પત્ની (કરિશ્મા) અને વર્તમાન પત્ની (પ્રિયા) વચ્ચે બેઠકો અને ચર્ચાઓ પછી, ટ્રસ્ટની જોગવાઈઓ પર ચર્ચા કરવા માટે તાજ માનસિંહ, દિલ્હી ખાતે એક બેઠક યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો.

**ANI**ના અહેવાલ મુજબ, કરિશ્મા કપૂર આ કેસમાં બાળકોનું કાનૂની વાલી તરીકે કોર્ટમાં પ્રતિનિધિત્વ કરી રહી છે. બાળકોએ કોર્ટ પાસે તેમના પિતાની મિલકતનું વિભાજન કરવા અને મિલકતોનો સંપૂર્ણ હિસાબ આપવાની માંગ કરી છે. બાળકોનું કહેવું છે કે તેમને તેમના પિતાની મિલકત વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવી ન હતી અને પ્રિયાએ જાણી જોઈને ઘણી બાબતો છુપાવી છે.

બાળકોના જણાવ્યા મુજબ, પ્રિયાએ પહેલા દાવો કર્યો હતો કે સ્વર્ગસ્થ પિતા પાસે કોઈ વસિયત નહોતી અને બધી મિલકત આરકે ફેમિલી ટ્રસ્ટ પાસે હતી. પરંતુ બાદમાં તેણે ૨૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ એક દસ્તાવેજ રજૂ કર્યો અને તેને વસિયત ગણાવી. બાળકોએ તેની સત્યતા પર સવાલ ઉઠાવ્યા છે અને તેને નકલી ગણાવ્યું છે. પ્રિયા, તેનો સગીર પુત્ર, સંજયની માતા રાની કપૂર અને વસિયતનામાના કથિત અમલકર્તા મહિલાને આ કેસમાં પક્ષકાર બનાવવામાં આવ્યા છે.

દિલ્હી હાઈકોર્ટે સંજય કપૂરના મૃત્યુ પછી તેમની બધી મિલકતો વિશે માહિતી માંગી છે. આ કેસમાં આગામી સુનાવણી ૯ ઓક્ટોબરે થશે. હાઈકોર્ટે તમામ પક્ષકારો પાસેથી જવાબ માંગ્યો છે.

આગામી સુનાવણીમાં, દિલ્હી હાઈકોર્ટ આ મામલામાં અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી મિલકત પર યથાસ્થિતિ જાળવી રાખવા માટે મનાઈ હુકમ પસાર કરવાનું વિચારી શકે છે. સંજય કપૂરનું ૧૨ જૂન ૨૦૨૫ ના રોજ ઈંગ્લેન્ડમાં પોલો રમતી વખતે હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું.

## પ્રજા પાસેથી ઉઘરાવાયેલા નાણાનો હિસાબ પણ યોગ્ય નથી થતો

# સરકારે રૂા.૧૧૨૩.૨૯ કરોડનો દંડ વસુલ્યો પણ રૂપિયા ૯૨૭.૪૯ કરોડ જ માર્ગ સુરક્ષાનીધિમાં જમા થયા : કેગએ ગોટાળો પકડયો

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૦

ગુજરાત સરકારે ટ્રાફિક નિયમોના ભંગ બદલ વસૂલેલા દંડની સંપૂર્ણ રકમ એટલે કે ૧૦૦% 'ગુજરાત માર્ગ સુરક્ષા નિધિ ફંડ'માં જમા કરાવવાની જોગવાઈ હોવા છતાં માત્ર ૮૭% રકમ જ ટ્રાન્સફર કરવામાં આવી છે. આ ચોંકાવનારો ખુલાસો CAGના ઑડિટ રિપોર્ટમાં થયો છે. આ રિપોર્ટ મુજબ, કુલ રૂ. ૧૪૮.૮૦ કરોડની રકમ ટ્રાન્સફર થઈ નથી.

શું છે ઝછઝ્નો ખુલાસો : CAGના વાર્ષિક નાણાકીય ઑડિટ રિપોર્ટમાં ૨૦૧૨-૧૩ થી ૨૦૨૩-૨૪ સુધીના સમયગાળાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન ગુજરાત સરકારે ટ્રાફિક દંડ તરીકે કુલ રૂ. ૧,૧૨૩.૨૯ કરોડ



વસૂલ્યા હતા, પરંતુ તેમાંથી માત્ર રૂ. ૯૭૪.૪૯ કરોડ જ 'ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિ' (GSMSN)ના ફંડમાં ટ્રાન્સફર થયા. આ આંકડા દર્શાવે છે કે ૧૩% જેટલી રકમ એટલે કે રૂ. ૧૪૮.૮૦ કરોડ અન્યત્ર જતી રહી છે.

નિયમ મુજબ, ટ્રાફિક દંડમાંથી મળતી આવક રાજ્યનિધિમાં જમા થવી ફરજિયાત છે. આ આવકનો ઉપયોગ માર્ગ સુરક્ષા સંબંધિત પ્રવૃત્તિઓ માટે થાય છે. આ હેતુસર, ડીજી અને આઈજીપી, ગાંધીનગરના નામે એક ખાનગી લેજર ખાતું (PLA) ખોલવામાં આવ્યું છે, જેમાં ૨૦૦૬થી સરકારે ૧૦૦% દંડની રકમ જમા કરાવવાની જોગવાઈ કરી હતી.

વર્ષવાર આંકડાઓ પર એક નજર રિપોર્ટમાં વર્ષવાર ટ્રાન્સફરની ટકાવારી પણ દર્શાવવામાં આવી છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે કયા વર્ષમાં કેટલી રકમ ટ્રાન્સફર થઈ હતી.

૨૦૧૨-૧૩: કુલ રૂ. ૩૮.૨૨ કરોડ વસૂલાયા હતા, જેમાંથી માત્ર રૂ. ૨૨.૯૯ કરોડ (૬૦.૧૮%) ટ્રાન્સફર થયા.

૨૦૧૫-૧૬: કુલ રૂ. ૭૮.૬૫ કરોડ વસૂલાયા હતા, જેમાંથી માત્ર રૂ. ૫૯.૭૬ કરોડ (૭૬.૦૧%) ટ્રાન્સફર થયા.

૨૦૨૩-૨૪: કુલ રૂ. ૨૩૭.૦૦ કરોડ વસૂલાયા હતા, જેમાંથી રૂ. ૨૦૮.૬૫ કરોડ (૮૮.૦૫%) ટ્રાન્સફર થયા.

આ આંકડાઓ દર્શાવે છે કે દરેક વર્ષે ટ્રાન્સફર થયેલી રકમની ટકાવારીમાં વધારો થયો છે, પરંતુ કોઈ પણ વર્ષમાં ૧૦૦% રકમ ટ્રાન્સફર થઈ નથી. કુલ ટ્રાન્સફર થયેલી રકમની ટકાવારી માત્ર ૮૭.૦૬% છે. આ ખુલાસા બાદ બાકીની રકમ ક્યાં ગઈ તે અંગે અનેક સવાલો ઉભા થયા છે.

## પાટીદાર અનામત આંદોલનના કેસ ભાજપના ધારાસભ્ય બન્યા પછી પણ પીછો કરે છે

# હાર્દિક પટેલ સામે ધરપકડ વોરન્ટ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૦

પાટીદાર અનામત આંદોલનના નેતા અને હાલના ધારાસભ્ય હાર્દિક પટેલ સામે અમદાવાદ ગ્રામ્ય કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ જાહેર કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૮ના પાટીદાર અનામત આંદોલન દરમિયાન અમદાવાદના નિકોલ વિસ્તારમાં આમરણાંત ઉપવાસ માટે હાર્દિક પટેલ સહિત ૯ લોકો એકઠા થયા હતા. તે સમયે હાર્દિક પટેલ સામે નોંધાયેલા કેસના મામલે હવે કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યુ છે.

અમદાવાદ ગ્રામ્ય કોર્ટ દ્વારા પાટીદાર અનામત આંદોલનના નેતા અને હાલના ધારાસભ્ય હાર્દિક પટેલ સામે ધરપકડ વોરંટ જાહેર કરવામાં આવ્યું છે. હાર્દિક પટેલે વારંવાર કોર્ટના સમન્સ હોવા છતાં હાજરી આપી નહતી, જેના પગલે કોર્ટે કડક



પગલા લીધા છે.

આ મામલો વર્ષ ૨૦૧૮નો છે, જ્યારે પાટીદાર અનામત આંદોલન દરમિયાન અમદાવાદના નિકોલ વિસ્તારમાં આમરણાંત ઉપવાસ માટે હાર્દિક પટેલ સહિત ૯ લોકો એકઠા થયા હતા. ઉપવાસ શરૂ કરવા પૂર્વે જ પોલીસ દ્વારા તેમની અટકાયત કરવામાં આવી હતી અને તેમના પર પોલીસ સાથે ગેરવર્તણૂક કરવાના આક્ષેપો સાથે ગુનો નોંધાયો હતો.

હાર્દિક પટેલ ઉપરાંત ગીતા પટેલ, આશિષ પટેલ અને કિરણ પટેલ જેવા વ્યક્તિઓના નામ પણ ફરિયાદમાં સમાવિષ્ટ છે. આ તમામ સામે પાટીદાર આંદોલન દરમિયાન કાયદેસરના ધોરણે ગેરવર્તણૂક અને જાહેર વ્યવસ્થાને ભંગ કરવાનો આરોપ છે.

ગ્રામ્ય કોર્ટે અગાઉથી ઘણી વખત હાર્દિક પટેલને સમન્સ પાઠવ્યા હતા, પરંતુ તેઓ સતત ગેરહાજર રહ્યા હતા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પણ હાર્દિક કોર્ટમાં હાજર ન રહ્યા, જેના પગલે કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ બહાર પાડવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૫માં સમગ્ર ગુજરાતમાં પાટીદાર અનામત માટે મોટા પાયે આંદોલન થયું હતું. આ આંદોલનમાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા અને કેટલાકનાં મોત પણ થયા હતા. હાર્દિક પટેલ આ આંદોલનના મુખ્ય ચહેરા તરીકે ઉભરી આવ્યા હતા. ત્યારબાદ તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો અને હાલ તેઓ ભાજપના ધારાસભ્ય છે.

# ગુજરાતમાં ખરીફ વાવેતર ૯૭% પૂર્ણ; મગફળી અને તુવેરનું વાવેતર સામાન્ય વિસ્તારના ૧૨૫% વિસ્તારને વટાવી ગયું

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૦

આ વર્ષે પુષ્કળ વરસાદને કારણે, જે સામાન્ય મોસમી સરેરાશ કરતાં ૭%થી વધુ રહ્યો છે, ગુજરાતના ખેડૂતોએ ખરીફ પાક હેઠળ મોટા વિસ્તારમાં વાવણી કરી છે. અત્યાર સુધીમાં, રાજ્યમાં મોસમના સરેરાશ વરસાદના ૧૦૭% થી વધુ વરસાદ પડ્યો છે. પરિણામે, અત્યાર સુધીમાં ૮૩ લાખ હેક્ટરથી વધુ વાવેતર કરવામાં આવ્યું છે, જે ત્રણ વર્ષની સરેરાશના આધારે લક્ષ્યાંકિત વિસ્તારના ૯૭% વિસ્તારને આવરી લે છે.કૃષિ નિયામકના કાર્યાલયના જણાવ્યા અનુસાર, સમયસર વરસાદના આગમનથી રાજ્યના મોટાભાગના ભાગોમાં સ્વસ્થ વાવણીને સરળતા મળી છે. છેલ્લા ત્રણ વર્ષમાં સરેરાશ વાવણીની સરખામણીમાં, કુલ ૮૫ લાખ હેક્ટરમાંથી ૮૩ લાખ હેક્ટરથી વધુ વાવેતર થયું છે.

મગફળી અને કપાસના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં પ્રભુત્વ ધરાવે છે, પરંપરાગત રીતે ખરીફ સિઝન દરમિયાન આ પાકોનું સૌથી વધુ વાવેતર નોંધાય છે. આ વર્ષે, મગફળીનું વાવેતર ૨૨ લાખ



હેક્ટરથી વધુ જમીનમાં થયું છે, ત્યારબાદ ૨૦.૮ લાખ હેક્ટરથી વધુ જમીનમાં કપાસનું વાવેતર થયું છે.

રાજ્યમાં મગફળીના વાવેતરમાં સતત વૃદ્ધિ જોવા મળી છે, સરેરાશ વાવણી વિસ્તાર આશરે ૧૭.૫ લાખ હેક્ટર છે. ગયા વર્ષે આ સમયગાળા સુધીમાં ૧૯.૧ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર થયું હતું. જોકે, આ વર્ષે વાવણી સામાન્ય વિસ્તારના લગભગ ૧૨૬% સુધી પહોંચી ગઈ છે, જે એક નવો રેકોર્ડ છે.એકંદરે, મગફળી સહિતના તેલીબિયાં પાકોનો વાવેતર વિસ્તાર ગયા વર્ષના ૨૮.૦૭ લાખ હેક્ટરથી વધીને આ વર્ષે ૩૧.૪૪ લાખ હેક્ટર થયો છે. આ ઉપરાંત, ૧૩.૭૬ લાખ હેક્ટરથી વધુ જમીનમાં અનાજ, ૪.૪૧ લાખ હેક્ટરથી વધુ જમીનમાં કઠોળ, ૯.૩૩ લાખ હેક્ટરથી વધુ જમીનમાં ઘાસચારો અને ૨.૫૫ લાખ હેક્ટરથી વધુ જમીનમાં શાકભાજીનું વાવેતર થયું છે.નોંધનીય છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં મગફળી, તુવેર, સોયાબીન, મગ અને ડાંગર જેવા પાકોનું વાવેતર સરેરાશ વાવેતર વિસ્તારના ૧૦૦%થી વધુ થયું છે. આ દરમિયાન, બાજરી, મકાઈ, અડદ અને શાકભાજીનું વાવેતર ૯૦%થી વધુ થયું છે.

## રાજ્ય સરકારે છ મહત્વના વિભાગોની ૫૧૬ જોગવાઈમાં જેલ સજાની જોગવાઈ દૂર કરી : નાણાકીય દંડની જોગવાઈ : કુલ ૧૧ કાનુનો સુધારાયા

# વિધાનસભાએ જનવિશ્વાસ બિલ-૨૫ને મંજુર કર્યુ : શોપ લાયસન્સ રીન્યુઅલ વિલંબ - ગેરકાનુની બાંધકામ હવે 'અપરાધ' નહી

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૦

દેશમાં સર્વપ્રથમ ગુજરાતમાં હવે આગામી સમયમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં એક મહત્વના કદમમાં રાજયના ૬ વિભાગોના ૧૧ કાયદાઓમાં ૫૧૬ જેટલી દંડ ઉપરાંત જેલસજાની જે જોગવાઈ હતી તે ગઈકાલે વિધાનસભામાં મંજુર કરાયેલા જનવિશ્વાસ બિલથી હવે જેલસજા રદ થશે અને દંડને બદલે પેનલ્ટીથી જ આ નાના અપરાધો સામે કામ ચાલશે.

ઉદ્યોગમંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે રજુ કરેલા ખરડામાં સરકારે એક તરફ વ્યાપાર-ઉદ્યોગને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં સરળતા રહે છે અને વિશ્વાસ જાગે તે માટે જયાં નાની ભુલ હોય ત્યાં જેલ સજા રદ કરી દંડ નહી ફાઈન એટલે કે નાણાકીય પેનલ્ટીની જોગવાઈ કરવામાં આવી છે.

આમ ૫૧૬ જોગવાઈ હવે અપરાધમુક્ત થઈ છે તથા ૮ કાનૂનમાં પણ ઉલ્લંઘન સમયે સીધી ધરપકડ



નહી પણ 'સમાધાન' ની વ્યવસ્થા ઉભી કરાશે તથા તેમાં અપરાધ સ્વીકાર્ય પેનલ્ટીની જોગવાઈ અમલમાં આવશે. આ પ્રકારના અપરાધોમાં કોઈ સરકારી કામકાજમાં જે નિયમીત ફાઈલીંગ કરવાનું હોય તેમાં વિલંબ કે લાયસન્સ રીન્યુઅલમાં વિલંબ-સલામતી માટે જરૂરી જોગવાઈમાં નાની ભુલમાં સીધી ફોજદારી કાર્યવાહી થશે નહી.

જેનાથી ન્યાયીક કામગીરી ઘટશે અને અદાલતોને પણ બોજો વધશે નહી તથા વ્યાપાર-ઉદ્યોગને પણ જેલ સજાનો ભય રહેશે નહી. કુલ ૧૧ કાનૂનની ૫૧૬ જોગવાઈઓ હવે આ સાથે અપરાધ મુક્ત થશે. રાજય સરકારે નિશ્ચિત કર્યુ કે વ્યાપાર-ઉદ્યોગને હવે અપરાધની નજરે જોવામાં આવશે નહી. આ કાનૂન શહેરી વિકાસ, કામદાર ધારા, સ્કીલ ડેવલપમેન્ટ અને રોજગાર નર્મદા-પાણી પુરવઠા ઉદ્યોગ અને ખાણ ખનીજ કૃષી અને નાણા વિભાગ સાથે જોડાયેલા છે.

જેમાં ૧૭ જોગવાઈમાં જેમાં જેલ સજાનું પ્રાવધાન હતું તે હવે પેનલ્ટી જ લાગશે. આ ઉપરાંત ૪૯૮ જોગવાઈ જેમાં દંડ (ફાઈન) લાગતો હતો તેના બદલે પેનલ્ટી લાગશે.

આજે સુધારા જોગવાઈ છે તે કોઓપરેટીવ સોસાયટી એકટ-૧૯૬૧માં ખોટી જાહેરાત-દાવા કે કોઈ ફરિયાદના નિકાલમાં વિલંબમાં હવે કોર્ટ કેસ નહી થાય પરંતુ રૂા.૫૦૦૦થી રૂા.૫૦૦૦૦નો દંડ જ થશે.

ટાઉન પ્લાનીંગ અને શહેરી વિકાસમાં જે ૧૯૭૬નો કાનૂન છે તેમાં ગેરકાનુની બાંધકામમાં હવે જેલ સજા નહી પણ રૂા.૧૦૦૦ થી રૂા.૫૦૦૦૦નો નાણાકીય દંડ થશે. મ્યુનીસીપાલીટી એકટ ૧૯૬૩ની જોગવાઈમાં સામાન્ય કાનૂન ભંગ બદલ કેસ થશે નહી પણ રોજના રૂા.૫૦-૧૦૦-૫૦૦ સુધીના દંડ થશે. અન્ય કાનૂનમાં સાત જોગવાઈ જેમાં નાના અપરાધમાં જેલ સજાની જોગવાઈ છે તેને બદલે નાણાકીય દંડ થશે.


**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. DRM-BRC 118 થી 119 વર્ષ 2025-26**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્ર. નં. | ટેન્ડર નં. | કામનું નામ | કામની અંદાજિત કિંમત (રૂ.માં) | જમા કરાવવાની બિડ સિક્યોરિટી (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM BRC 118 વર્ષ 2025-26 | વડોદરા મંડળ:- ANND-GDA અને ANND-CBY વિભાગ પર રબરાઇઝ્ડ સપાટી LC (23 નંગ) પૂરા પાડીને રસ્તાની સપાટીમાં સુધારો. | 3,31,92,114.55 | 3,16,000.00 |
| 2 | DRM BRC 119 વર્ષ 2025-26 | વડોદરા મંડળ:- વડોદરા-ગેરતપુર વિભાગ:- Sr.DEN(N)BRC (21 નંગ LC) ના અધિકારક્ષેત્રમાં રબરાઇઝ્ડ સપાટી પૂરી પાડીને રસ્તાની સપાટીમાં સુધારો. | 5,57,49,862.31 | 4,28,800.00 |

ટેન્ડર સબમિટ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : ટેન્ડર 30.09.2025 ના રોજ 15.00 કલાક પહેલા સબમિટ કરવાનું છે અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવાનું છે.**વેબસાઈટની વિગતો અને સૂચનાનું સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ટેન્ડર ફોર્મ જ્યાંથી ખરીદી શકાય તે કાર્યાલયનું સરનામું: વેબસાઇટ: www.ireps gov in.** ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390 004.

BRC 180

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# વ્યવહારનું કાર્ય કરતાં ભગવાનથી વિભક્ત ન થાય તેનું નામ ભક્ત



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઈએ તો અનાદિકાળ થી આ મન સંસારમાં ભટકતું આવ્યું છે.સત્સંગથી મન સુધરે છે વાસનાનો ત્યાગ કરવાથી મન સુધરે છે. વિવેકી પુરુષો સંગ અથવા આસક્તિને આત્માનું બંધન માને છે,પરંતુ એ સંગ અથવા આસક્તિ જ્યારે સંત મહાત્માઓ પ્રતિ થાય છે,તો મોક્ષનું દ્વાર ખુલ્લું થઈ જાય છે માટે સત્સંગ કરવો.દેવહુતિ કહે છે કે,મને જગતમાં ક્યાંય સંતદેખાતા નથી.કપિલમુનિ માતાને કહે છે,

કપિલ ભગવાન કહે છે, મા, તું સંત થા,એટલે તને સંત મળશે.

એકનાથ,તુકારામ,નરસિંહ ગૃહ સ્થાશ્રમી હતા.તેઓ ઘરમાં રહીને સંત થયેલા છે.સંતનાં લક્ષણો જીવનમાં ઉતારો તો સંત થશો. સત્સંગ વગર સુખ મળતું નથી. સંત થયા વિના સાચા સંત મળતા નથી. દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ બને છે. હનુમાનજીની આંખ ક્રોધથી લાલ થવાથી ધોળાંફૂલ પણ તેમને લાલ દેખાયાં હતાં. આ વાત એકનાથ મહારાજે કહી છે.તેઓ રામાયણ ના સુંદરકાંડનીકથા કહી રહ્યાહતા

આ સુંદરકાંડમાં સઘળું સુંદર છે. સુંદરકાંડનું નામ સુંદર એટલા માટે રાખ્યું છે કે,હનુમાનજીને તેમાં માતાજીની પરાભક્તિનાં દર્શન થયાં છે.બ્રહ્મચર્ય અને રામનામની શક્તિ હોય,તો દરિયો આ સંસાર સાગર ઓળંગાય. હનુમાનજી જેવા હોય તો જ આ દરિયો ઓળંગી શકે.દરિયો ઓળંગી હનુમાન અશોકવનમાં આવ્યા છે. એકનાથ મહારાજે કથામાં કહ્યું કે હનુમાનજી જ્યારે અશોકવનમાં આવ્યા છે,ત્યારે ત્યાંના ફૂલઝાડો ઉપર ધોળાંફૂલખીલી રહ્યાં હતાં. સીતાજી જ્યાં હોય તે અશોકવન ભક્તિ જ્યાં હોયત્યાં શોક નહોય

એકનાથજીની આ કથા હનુમાનજી સાંભળવા આવેલા. તેમણે તરત પ્રગટ થઈ વિરોધ નોંધાવ્યો. મહારાજ,તમે ખોટું કહી રહ્યા છો. મેં તે વખતે અશોક વનમાં મારી સગી આંખોએ ફૂલો જોયેલાં. ફૂલો ધોળાં નહીં પણ રાતાં હતાં. એકનાથ મહારાજે કહ્યું,મને જેવું દેખાય છે તેવું વર્ણન કરું છું.છેવટે ઝઘડો રામ ચંદ્રજી પાસે ગયો. રામજીએ કહ્યું, તમે બંને સાચા છો.ફૂલો ધોળા પરંતુ



હનુમાનજીની આંખો તે વખતે ક્રોધથી લાલ થયેલી હતી એટલે એમને ફૂલો રાતાં દેખાયાંએ પણ સાચું છે.

જેવી મનુષ્યની દૃષ્ટિ હશે તેવીતેને સૃષ્ટિ દેખાશે.દુર્યોધનને જગતમાં કોઈ સંત ન દેખાયો, બધા દુર્જન માલૂમ પડ્યા.ત્યારે યુધિષ્ઠિરને જગતમાં કોઈ દુર્જન ન દેખાયો, તેને બધા સજ્જન લાગ્યા.સંતોનાં લક્ષણોમાં તિતિક્ષાને પ્રાધાન્ય આપવામાં આવેલું છે. સહન કરો તો સુખી થશો. સંતોનાં ચરિત્રો વાંચો. સંતોને ખૂબ દુ:ખ પડ્યું છે, પણ તે દુ:ખોની અસર સંતોના મન ઉપર થતી નથી.

એકનાથ મહારાજ પૈઠણમાં રહેતા ગોદાવરીનદી ઉપર જવાના માર્ગ ઉપર એક પઠાણ રહે.તે માર્ગથી જે હિંદુઓ સ્નાન કરીને જાય તેમને પઠાણ બહુતંગ કરતો એક નાથ મહારાજ પણ એ જ રસ્તેથી ગોદાવરીમાં સ્નાન કરવા જતા હતા.પઠાણમહારાજને પણ તંગ કરતો પણ એકનાથજી સર્વ સહન કરે. એક દિવસ પઠાણને થયું કે,આ માણસને ગુસ્સે કરું ત્યારે ખરો! એકનાથજી મહારાજ નદીમાં સ્નાન કરીને પાછા ફરતા હતા.પેલો યવન એમના ઉપર થૂંક્યો,મહારાજ ફરીથી સ્નાન કરવા ગયા પણ યવન ઉપર ગુસ્સે થયા નહીં. યવન ફરી થૂંક્યો. મહારાજ ફરી સ્નાન કરવા ગયા. આવું ચાલ્યા જ કર્યું.મહારાજ ૧૦૮ વખત સ્નાન કરવા ગયા,ને યવન એમના પર એકસો આઠ વખત થૂંકયો.છેવટે યવન મહારાજના પગે પડી કહે,આપ સંત છો. હું તમને ઓળખી શક્યો નહીં.મહારાજ કહે,એમાં ક્ષમા કરવા જેવું શું છે?તારા લીધે આજે ૧૦૮ વખત ગોદાવરીમાં સ્નાન કરવાનું પુણ્ય મને મળ્યું.

શાંતિ તેની કાયમ રહે છે જે અંદર થી ઈશ્વરનું અનુસંધાન રાખે છે. ઈશ્વરથી દૂર છેતેને શાંતિ ક્યાંથી? જે ખૂબ સહન કરે છે તે સંત બને છે.અતિશય વિપત્તિમાં પણ જે ઈશ્વરનો અનુગ્રહ સમજે એ મહાન વૈષ્ણવ.બાકી દુષ્ટ લોકો કોઈનું સારું જોઈ શકતા નથી. દુષ્ટ લોકોએ તુકારામને ગધેડા ઉપર બેસાડયા ત્યારે તુકારામ પત્નીને કહે છે,મારા વિઠ્ઠલનાથે મારા માટે ગરુડ મોકલ્યું છે. તેના ઉપર બેઠો છું. આ સંતભાવ છે. જગતમાં ખૂબ સહન કરો.જગત માં અંધારું છે એટલે પ્રકાશની કિંમત છે.

તિતિક્ષા એ સંતોનું પહેલું લક્ષણ. કરુણા બીજું. સર્વ દેહધારીઓ પ્રતિ પ્રેમ પછી અજાતશત્રુપણું, શાંત સરળભાવ વગેરે લક્ષણો બતાવ્યાં.શાંતિની પરીક્ષા પ્રતિ કૂળતામાં થાય છે. અર્થનું-પૈસાનું અનુસંધાન રોજ રાખો છો,પરંતુ તે સાથે પરમાત્માનું અનુસંધાન રાખશો તો પૈસા પણ મળશે અને શાંતિ પણ મળશે.આ જીવન ગાડીના ફક્ત પાટા જ બદલવાના છે. સંત પ્રભુના માટે સર્વનો ત્યાગ કરે છે. ભગવાન કહે છે કે,સંત મારા માટે સંપૂર્ણ કર્મ તથા સગાં સંબંધીઓનો ત્યાગ કરે છે. ભગવાન કસોટી કરીને અપનાવેછે નરસિંહ મહેતાની બહુ કસોટી કરેલી.મહેતાજીએ માગ્યું, ભગવાન કળિયુગમાં આવીકસોટી કરશો નહીં. આવી કસોટી કરશો, તો કોઈ તમારી સેવા કરશે નહીં. ભગવાન ની કથા સાંભળવાથી શ્રદ્ધા દૃઢ થાય છે.તે પછી ભગવાન તરફ આસક્તિ વધે છે. ભગવાન તરફ આસક્તિ વધે છે એટલે વ્યસનાત્મિકા ભક્તિ પ્રાપ્ત થાય છે. ભક્તિ વ્યસનરૂપ બને ત્યારે એને મુક્તિ સુલભ થાય છે.ભક્તિ જ્યારે વ્યસનની ઉગ્રતા જેવી બને છે ત્યારે તે ઈશ્વર પાસે લઈ જાય છે. તીવ્ર ભક્તિ વગર મુક્તિ મળતી નથી. તીવ્ર ભક્તિ એટલે વ્યસનાત્મિકા ભક્તિ. તુકારામે ભક્તની સુંદર વ્યાખ્યા આપી છે.એક ક્ષણ પણ ભગવાન થી વિભક્ત ન થાય એ ભક્ત. વ્યવહારનું કાર્ય કરતાં ભગવાનથી વિભક્ત ન થાય તેનું નામ ભક્ત.કપિલ ભગવાને માતા દેવહુતિને તીવ્રભક્તિ કરવા આજ્ઞા આપી છે

આ પ્રકારે શબ્દાદિ વિષયોનો ત્યાગ કરીને વૈરાગ્યમુક્તિ જ્ઞાનથી યોગથી અને ભક્તિથી મનુષ્ય આ જ શરીરમાં પોતાના અંતરાત્મા એવા પરમાત્માનેપ્રાપ્ત કરી લે છે. પરંતુ ભગવાનની અહેતુકી ભક્તિ મુક્તિ કરતાં શ્રેષ્ઠ છે.

કપિલ ભગવાન માતા દેવહુતિને કહે છે કે, આ બધું દેખાય છે તે સાચું નથી. સ્વપ્ન ખોટું છે છતાં સુખદુ:ખ આપે છે.જેમ સ્વપ્ન જોનાર મનુષ્યને પોતાનું મસ્તક છેદાયા વિના પણ મારું મસ્તક છેદાયું એવી ભ્રાંતિ થાય છે અને તે રડે છે, તેમ જીવાત્માને અવિદ્યા વડે સર્વ પ્રકારની ભ્રાંતિ થાય છે. આને માયા કહે છે.સ્વપ્નમાં કોઈ વસ્તુ નથી છતાં દેખાય છે.તેવી જ રીતે જાગ્રત અવસ્થામાં તત્ત્વ દૃષ્ટિથી કાંઈ ન હોવા છતાં માયાથી અજ્ઞાન બધું ભાસે છે.

જગત સ્વપ્ન જેવું છે.આ સિદ્ધાંત ભાગવતમાં વારંવાર એટલા માટે કહેવામાં આવે છે કે,જગતના પદાર્થોમાં મોહ ન થાય. સંસારના વિષયોમાં પૂર્ણવૈરાગ્ય આવે એટલે આ પ્રમાણે કહેવામાં આવે છે. સંસારના સુખો ભોગવવાની લાલસા હોય ત્યાં સુધી માનવું કે, હું સૂતેલો છું. સુખ ભોગવવાની ઈચ્છા મહાન દુઃખ છે.શરીર અને આંખ સ્થિર ન થાય ત્યાં સુધીમન સ્થિર થતું નથી.આંખમાં શ્રી કૃષ્ણ સ્થિર થાય છે ત્યારે મન શુદ્ધ થાય છે.

જેને ધ્યાન કરવું છે તે એક આસને બેસે. ધ્યાનમાં મનને સ્થિર કરવું. ધ્યાન કરવા બેસે ત્યારે સંસારને મનમાંથી બહાર કાઢો.ધ્યાન કરવાથી મન સ્થિર થાય છે.ધ્યાન વગર દર્શન પરિપૂર્ણ થાય નહીં.ભોગ ભૂમિમાં રહી ભગવાનનું ધ્યાન કરવું કઠણ છે.સંસારમાં રહી જ્ઞાન,ભક્તિમાં નિષ્ઠા રાખવી મુશ્કેલ છે.ભૂમિની અસર મન ઉપર થાય છે. ધ્યાન કરનારે પવિત્ર અને એકાંત સ્થાનમાં ધ્યાન કરવા બેસવું.

### અનેક ગામો સંપર્ક વિહોણા.. ઠેરઠેર તારાજગીના દ્રશ્યો, અનેક ઘરો પાણીમાં. લોકોને સલામત સ્થળે ખસેડાયા

# ખેડૂતોના ખેતરો ફેરવાયા બેટમાં ફેરવાયા,ખેતી પા ભારે નુકશાન અનેક પશુઓના મોત, સેંકડો વૃક્ષો ધરાશાયી

## સુઈગામ તરફ આવવા જવા માટેના સ્ટેટ તેમજ નેશનલ અને સિંગલ પટ્ટી રસ્તાઓ પાણીમાં





(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

(ગરવી તાકાત) સૂઈગામ તા.૧૦

બનાસકાંઠા જિલ્લાના સરહદી સૂઈગામ તાલુકામાં છેલ્લા ત્રણ દિવસથી અતિભારે પવન સાથે સતત વરસેલા વરસાદથી ઠેર ઠેર તારાજી સર્જાઈ છે, બે દિવસમાં ૧૭ ઈંચથી વધુ વરસાદ પડતા ખેડૂતોના ખેતરો બેટમાં ફેરવાયા હતા જ્યાં જોવા ત્યાં ક્યાંય કેડ સામા તો ક્યાંય ગળા ડૂબ પાણી જોવા મળ્યું હતું

અતિભારે વરસાદ ના કારણે સુઈગામ તાલુકાના તમામ ગામોમાં પૂરની સ્થિતિનું નિર્માણ થયું છે, અતિભારે વરસાદ ના કારણે સુઈગામ તાલુકાના સુઈગામ, ભરડવા, જલોયા, કોરેટી, મમાંણા, ગોલપ,નેસડા, રડોસણ, ઉચોસણ, જીરાવરગઢ , મોતીપુરા , લીંબાલા, સહિત ૧૩ ગામો સંપર્ક વિહોણા બની જવા પામ્યા હતા, પૂરની સ્થિતિને પહોંચી વળવા તંત્ર દ્વારા સુઈગામ, જલોયા, ભરડવા ગામોમાં દ્ગઢ્ઢઈ઼ ,જીઢ્ઢઈ઼ તેમજ પોલીસ સ્ટાફની મદદ થી પાણીમાં ફસાયેલા લોકોનું રેસ્ક્યુ કરી સલામત સ્થળે ખસેડી આશ્રય આપ્યો હતો, જ્યારે કેટલાક પુર અસરગ્રસ્ત લોકોને બીજી જગ્યાએ આશરો લેવાનો વારો આવ્યો હતો સાથે સૂઈગામ તાલુકા નું વહીવટી તંત્ર પણ લોકોને કોઈપણ જાતની મુશ્કેલીઓ ન પડે એના માટે સતત ત્રણ દિવસથી ખડે પગે રહીને લોકોને સલામત જગ્યાએ ખસેડવામાં સફળ રહયુ હતું , સતત ત્રણ દિવસ અનરાધાર વરસાદ પડતા સૂઈગામના ત્રણ રસ્તા, રૂપાણી વાસ ,શિવનગર સહિત નીચાણ વાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ જતાં ૨૦૦ જેટલા પરિવારોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા,રણમાં વધુ પાણી આવવાના કારણે નડાબેટ સંપર્ક વિહોણું બન્યું હતું સાથે ભરડવા સહિત કેટલાક ગામો સંપર્ક વિહોણા બન્યા છે,હજુ પણ અનેક ગામોમાં કપરી પરિસ્થિતિ હોવાના કારણે એ ગામોમાં જવા આવવા માટે ટ્રેકટર કે દ્ગઢ્ઢઈ઼ ની હોડીમાં જ ફૂડ પેકેટ પહોચાડવામાં આવી રહ્યા છે,હજુ પણ ભરડવા કોરેટી લીંબાળા જલોયા ગોલપ નેસડા પાડણ , ભટાસણા, મોતીપુરા સહિત ના ગામડાઓ સંપર્ક વિહોણા છે,તાલુકાના તમામ ગામોમાં પૂરની પરિસ્થિતિથી જન જીવન ખોરવાઈ ગયું છે, કેટલીયે જગ્યાએ વીજવાયર તૂટી જવાથી અને વીજપોલ ધરાશાયી થવાના કારણે ત્રણ દિવસથી વીજળી ગુલ છે,જેના કારણે તાલુકામાં અંધારપટ છવાયેલો છે, તાલુકાના તમામ ગામોમાં નીચાણ વાળા ભાગોમાં વસવાટ કરતા લોકોને રેસ્કયુ કરી પ્રાથમિક શાળાઓ, સરકારી દવાખાના સહિતની કચેરીઓમાં આશ્રય આપવામાં આવી રહ્યો છે, હજુ પણ નીચાણ વાળા વિસ્તારોમાં કેડ સમા, કે માંથોડા બોળ પાણી ભરાયેલા છે,લોકોના અનેક પાલતુ પશુઓ મરણને શરણ થયાં છે,ઘરોમાં પૂરના પાણી ભરાવાના કારણે ઘરવખરી, અનાજ સહિત બધી વસ્તુઓ પાણીમાં ગરકાવ થઈ ગઈ છે, જોકે લોકો જીવ બચાવી આશ્રય મેળવી રહ્યા છે,મંગળવારે વરસાદે સંપૂર્ણ વિરામ લીધો હોઈ વહીવટી તંત્ર દ્વારા બચાવ કામગીરી તેજ કરી દીધી છે, તાલુકા જિલ્લા નું વહીવટી તંત્ર અત્યારે લોકોને ફૂડ પેકેટ વિતરણ ની કામગીરી ચાલુ છે.

સુઈગામ પ્રાંત કલેકટર ની અધ્યક્ષતા માં તમામ વિભાગો બચાવ અને રાહત કામગીરીમાં જોડાયા છે, ખાસ કરીને સુઈગામ પી.આઈ.એચ.એમ.પટેલ પોતે જાતે ટ્રેકટર ચલાવી પોલીસ સ્ટાફ અને અન્ય સાથી અધિકારીઓની સાથે અસરગ્રસ્ત ગામોમાં જઈ બચાવ કામગીરી કરી રહ્યા છે, આ અંગે સુઈગામના વડીલો સાથે વાત કરતાં તેમણે જણાવ્યું કે ૨૦૧૫,ના પુર બાદ આ બીજી વખત અતિ ભયંકર પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે, ગૌશાળા માં ૧૦૦ જેટલી ગાયો મરી ગઈ છે, ગામના અન્ય પશુ પાલકોના પણ અસંખ્ય પશુઓ મોતને ભેટ્યા છે, ખેતીપાકો નષ્ટ થઈ ગયા છે,જ્યાં જુવો ત્યાં પાણી જ પાણી છે, આ તબાહી છે, સેંકડો લોકો બેઘર બન્યા છે,ત્યારે ખેડૂતો અને પશુ પાલકો ને રાહત મળે તે માટે સરકારશ્રી દ્વારા તાત્કાલિક ધોરણે રાહત પેકેજ ફાળવવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

### બનાસકાંઠામાં વરસાદથી બંધ થયેલા ૧૪ રસ્તામાંથી ૭ ખુલ્યા

# ૨૪ કલાકમાં જ વાહન વ્યવહાર શરૂ, ૨૪ ટીમો રાઉન્ડ ધ ક્લોક કાર્યરત

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૦

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદને કારણે બંધ થયેલા રસ્તાઓને ફરી ધમધમતા કરવા વહીવટી તંત્ર સક્રિય થયું છે. જિલ્લા કલેક્ટર મિહિર પટેલના નેતૃત્વમાં રાહત કામગીરી વેગવંતી બનાવાઈ છે.સુઈગામ, ભાભર, વાવ અને થરાદ તાલુકામાં વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં માર્ગ અને મકાન વિભાગ, પંચાયત અને નેશનલ હાઈવેની ૨૪ ટીમો કાર્યરત છે. વરસાદને કારણે બંધ થયેલા ૧૪ રસ્તાઓમાંથી માત્ર ૨૪ કલાકમાં ૭ રસ્તાઓ પર વાહન વ્યવહાર શરૂ કરાયો છે.



માર્ગ અને મકાન વિભાગના ખાસ સચિવ, મુખ્ય ઈજનેર અને અધિક સચિવે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી છે. થરાદ હેડક્વાર્ટર ખાતે અધિક્ષક ઈજનેરોને તહેનાત કરાયા છે. તેઓ રસ્તાઓ સંપૂર્ણ કાર્યરત ન થાય ત્યાં સુધી થરાદમાં રહેશે.

વહીવટી તંત્રે ડ્રોન દ્વારા પાણી ભરાયેલા વિસ્તારોનો સર્વે કર્યો છે. આ સર્વેના આધારે રસ્તાઓને પુનઃસ્થાપિત કરવાની કામગીરી ચાલી રહી છે. સચિવે નુકશાન પામેલા રસ્તાઓની તાત્કાલિક મરામત માટે યોગ્ય માર્ગદર્શન આપ્યું છે.

### રાજસ્થાનથી અમદાવાદ જતી ટ્રકમાંથી દારૂની ૪૦ પેટી મળી

# અમીરગઢ ચેકપોસ્ટ પર વાસણની આડમાં છુપાવેલો વિદેશી દારૂ સાથે ચાલક ઝડપાયો

અમીરગઢ ખાતે ગુજરાત-રાજસ્થાન સરહદે આવેલી પોલીસ ચેકપોસ્ટ પર રૂટિન ચેકિંગ દરમિયાન એક મોટી સફળતા મળી છે. પોલીસે વાસણની આડમાં છુપાવીને લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો છે.

રાજસ્થાન તરફથી પૂરઝડપે આવતી એક ટ્રક પર પોલીસને શંકા જતાં તેને રોકવામાં આવી હતી. ટ્રકની તપાસ કરતાં તેમાં વાસણોની બોરીઓ નીચે વિદેશી દારૂની ૪૦ પેટીઓ છુપાવેલી મળી આવી હતી. પોલીસે ટ્રક અને તેના ચાલક અશોક માલીની અટકાયત કરી છે. અશોક માલી જોધપુરનો રહેવાસી છે.



પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દારૂનો જથ્થો જોધપુરથી અમદાવાદ લઈ જવામાં આવી રહ્યો હતો. જપ્ત કરાયેલા વિદેશી દારૂની કિંમત રૂ. ૬,૪૯,૨૦૦ છે અને કુલ મુદ્દામાલની કિંમત રૂ. ૨૦,૬૯,૩૨૬ થવા જાય છે.

બનાસકાંઠાના એસપી પ્રશાંત સુમ્બેએ ચાર્જ સંભાળ્યા બાદથી જિલ્લામાં દારૂની હેરાફેરી પર કડક નિયંત્રણ લાદવામાં આવ્યું છે. તમામ દારૂની ચેનલો અને લાઈનો બંધ કરાવવામાં આવી છે. આ કારણે તસ્કરો નવા-નવા રસ્તા શોધી રહ્યા છે. પોલીસ હવે દારૂ મોકલનાર અને મંગાવનાર વ્યક્તિઓની શોધખોળ કરી રહી છે.

### હિંમતનગરના અષ્ટવિનાયક મંદિરમાં સંકટ ચતુર્થીની ઉજવણી

# દુંદાળા દેવ ગણપતિને ૨૧ કિલો મોસંબી અર્પણ કરવામાં આવી



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૦

હિંમતનગરના છાપરિયા વિસ્તારમાં આવેલા વિનાયકનગરના અષ્ટવિનાયક ગણપતિ મંદિરમાં સંકટ ચતુર્થીની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે. આ પ્રસંગે મંદિરમાં ગણપતિદાદાને ૨૧ કિલો મોસંબી અર્પણ કરવામાં આવ્યા છે.

સવારે ૫:૩૦ કલાકે ગણપતિદાદાનો અભિષેક કરવામાં આવ્યો. ત્યારબાદ સવારે ૬:૧૫ કલાકે આરતી યોજાઈ. યજમાન નિર્મલભાઈ પ્રવીણભાઈ પટેલે સવારે ૬:૪૫ કલાકે પૂજન-અર્ચન સાથે ધ્વજારોહણ કર્યું.

મંદિરમાં સાંજે ૭ કલાકે આરતી થશે. રાત્રે ૮:૩૩ કલાકે ચંદ્રદર્શનનો વિશેષ સમય રહેશે. ભકતોએ ગણપતિદાદાને કરાયેલા ફળોના શણગારના દર્શન કરી આનંદ વ્યક્ત કર્યો છે. મંદિરમાં ભક્તોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ નોંધાઈ રહી છે.

### બનાસકાંઠા કલેક્ટરના નેતૃત્વમાં સુઈગામમાં પુરગ્રસ્ત ગામો સુધી ફૂડ પેકેટ અને પાણીની બોટલનું વિતરણ

# સુઈગામના જેલાણા, નેસડા, ગોલપ, પાડણ, ભરડવા, કાણોઠી, મમાણા, લિંબાળા, કોરોટી સહિતના ગામોમાં ફૂડ પેકેટ અને પાણીની બોટલનું વિતરણ કરાયું

**થરાદ ખાતેથી સુઈગામ માટે વધુ ૨૦૦૦ ઘઉં-બાજરીના લોટના પેકેટ તથા ૨૪૦૦૦ પાણીની બોટલ રવાના કરાઈ**

**વરસાદી પાણીમાં જઈને સરહદી લોકોના પડખે જિલ્લા વહીવટી તંત્રની રાઉન્ડ ધ ક્લોક કામગીરી**

(ગરવી તાકાત) સૂઈગામ તા.૧૦

બનાસકાંઠા જિલ્લાના સુઈગામ, ભાભર, વાવ અને થરાદ તાલુકામાં વરસાદને પગલે અસરગ્રસ્ત થયેલ વિસ્તારમાં જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલની આગેવાની હેઠળ વહીવટી તંત્ર દ્વારા રાઉન્ડ ધ ક્લોક કામગીરી થઈ રહી છે.

સુઈગામના અસરગ્રસ્ત ગામોમાં ફૂડ પેકેટ અને પાણીની બોટલ વિતરણ કરવામાં આવી રહી છે. સુઈગામના જેલાણા, નેસડા, ગોલપ, પાડણ, ભરડવા, કાણોઠી, મમાણા, લિંબાળા, કોરોટી સહિતના



ગામોમાં ફૂડ પેકેટ અને પાણીની બોટલ સહિતની સામગ્રી તંત્ર દ્વારા વિતરણ કરાઈ છે. તંત્ર દ્વારા પાણીમાં જઈને ઘર ઘર સુધી ફૂડ પેકેટ અને પાણી લોકો સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે. ફૂડ પેકેટમાં સુખડી, ચવાણું, પાપડી, ગાંઠિયા સહિતનો સૂકો નાસ્તો પેક કરીને વિતરણ કરવામાં આવી રહ્યો છે.

સુઈગામના વિવિધ પુરગ્રસ્ત ગામો માટે ફૂડ પેકેટ સિવાય આજે ઘઉં અને બાજરીનો લોટ સહિતની રાશન કીટ થરાદ ખાતેથી ટ્રક મારફત રવાના કરાઈ છે. ઘઉંના લોટના ૧૦૦૦ તથા બાજરીના લોટના ૧૦૦૦ મળીને કુલ પ્રતિ પાંચ કિલો પેકેટમાં કુલ ૨૦૦૦ લોટના પેકેટ અસરગ્રસ્ત વિસ્તાર માટે રવાના કરાયા છે. આ સિવાય વધુ ૨૪૦૦૦ પાણીની બોટલ પણ રવાના કરાઈ છે. અહેવાલ. નવીન ચૌધરી. સુઈગામ

## સંક્ષિપ્ત સમાચાર

### ઇડરના બડોલી ગામે પુણ્યતિથિ નિમિત્તે સુંદરકાંડનું આયોજન કરાયું


(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

(ગરવી તાકાત) ઈડર તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના બડોલી ગામે ૯ સપ્ટેમ્બર ને મંગળવારની રાત્રે સ્વ. ઈન્દુમતીબેન વસંતલાલ નાયકની દસમી વાર્ષિક પુણ્યતિથિના પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે અંજની સુંદરકાંડ પરિવાર, કડિયાદરા ના કમલેશભાઈ દરજીના કંઠે સંગીતમય સુંદરકાંડ પાઠનું ભક્તિમય રસપાન કરાવવા માં આવ્યું હતું. અંજની સુંદરકાંડ પરિવાર દ્વારા આ ૨૧૮૯ મો પાઠ કરવા માં આવ્યો હતો.

આ પ્રસંગે સ્વ.ઈન્દુમતિબેન વસંતલાલ નાયક પરિવાર તથા ગામના અનેક શ્રદ્ધાળુઓ ,હનુમાન ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સ્વ. ઈન્દુમતિબેન નાયકના દિવ્ય આત્માને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી પરમ શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

કમલેશભાઈ દરજી ના કંઠે સુંદરકાંડ સાંભળી ભક્તો જુમી ઉઠ્યા હતા.

### મહિલા દર્દીને બેભાન કર્યા બાદ હોસ્પિટલમાં બળાત્કાર, ટેકનિશિયનની ધરપકડ કરાઇ

કરીમનગર,તા.૧૦

તેલંગાણાના કરીમનગર જિલ્લામાંથી એક ખૂબ જ શરમજનક ઘટના પ્રકાશમાં આવી છે. અહીંની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ એક મહિલા દર્દી પર કથિત રીતે બળાત્કાર થયો છે. મળતી માહિતી મુજબ, મહિલાને ટાઈફોઈડ અને ખૂબ તાવની ફરિયાદ સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ત્રણ દિવસ પહેલા અહીં તેના પર બળાત્કાર થયો હતો. આ કેસમાં કાર્યવાહી કરતા પોલીસે હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડના ટેકનિશિયનની ધરપકડ કરી છે.

તેલંગાણાના કરીમનગરની એક ખાનગી હોસ્પિટલમાં ત્રણ દિવસ પહેલા એક મહિલા દર્દી પર બળાત્કાર કરવાના આરોપમાં ૨૪ વર્ષીય ઈમરજન્સી વોર્ડ ટેકનિશિયનની ધરપકડ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, આરોપીની ઓળખ મહારાષ્ટ્રની રહેવાસી દક્ષિણા મૂર્તિ તરીકે થઈ છે. આરોપી હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે.

હકીકતમાં, જગતિયાલની રહેવાસી ૨૦ વર્ષીય પીડિતા ટાઈફોઈડ અને ખૂબ તાવની સારવાર લઈ રહી હતી. પોલીસે આપેલી માહિતી અનુસાર, મૂર્તિએ રવિવારે વહેલી સવારે કથિત રીતે શામક દવા આપી હતી. હોસ્પિટલના સીસીટીવી ફૂટેજમાં મૂર્તિ ઈમરજન્સી વોર્ડમાં પ્રવેશતા, પીડિતાના પલંગ પાસે જતા અને પડદા બંધ કરતા પણ જોવા મળે છે.

પોલીસે આ સમગ્ર ઘટના વિશે જણાવ્યું છે કે પીડિત મહિલાની તબીબી તપાસ કરવામાં આવી છે. હવે તબીબી તપાસના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. પોલીસે આ મામલે બીએનએસની કલમ ૬૪ હેઠળ કેસ નોંધ્યો છે. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

### પોરબંદરમાં ૬ વર્ષની બાળકી પર બળાત્કાર, આરોપીની ધરપકડ, પોલીસે તપાસ શરૂ કરી

પોરબંદર,તા.૧૦

પોરબંદરમાં એક શરમજનક અને અપમાનજનક ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં ૬ વર્ષની બાળકીનું અપહરણ કરીને બળાત્કાર કરવામાં આવ્યો હતો.આ ઘટનાને કારણે સ્થાનિક સમુદાયમાં ભારે રોષ અને આઘાતનું વાતાવરણ છે.પોલીસે આ કેસમાં તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી છે અને સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

માહિતી અનુસાર આ ઘટના પોરબંદરના નવી ખાડપીઠ વિસ્તારના દેવીપૂજક વાસમાં બની હતી. તે જ વિસ્તારમાં રહેતા આરોપી બાદલ ઉમેશ સોલંકીએ ૬ વર્ષની બાળકીનું અપહરણ કરીને તેને પોતાના ઘરે લઈ જઈને તેના પર બળાત્કાર કર્યો હતો. ઘટનાની માહિતી મળતાં જ બાળકીના પરિવારે તાત્કાલિક કમલબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં અપહરણ અને બળાત્કારના ગંભીર આરોપો નોંધાયા છે.

ફરિયાદ નોંધાયાના થોડા કલાકોમાં જ કમલબાગ પોલીસે આરોપી બાદલ ઉમેશ સોલંકીની ધરપકડ કરી હતી. પોલીસે પોક્સો એક્ટ (જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ) હેઠળ કેસ નોંધ્યો છે અને આરોપીની પૂછપરછ શરૂ કરી છે. છોકરીને તાત્કાલિક તબીબી તપાસ અને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. તેની માનસિક અને શારીરિક સ્થિતિને ધ્યાનમાં રાખીને, કાઉન્સેલિંગની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

### મેક્સિકોમાં અકસ્માત, માલગાડી ડબલ-ડેકર બસ સાથે અથડાઈ, ૧૦ લોકોના મોત

મેક્સિકો,તા.૧૦

મેક્સિકો સિટીના ઉત્તર-પશ્ચિમમાં એક મોટો અકસ્માત થયો. ક્રોસિંગ પર એક માલગાડી ડબલ-ડેકર બસ સાથે અથડાઈ. આ ભયાનક અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા અને ૪૦ થી વધુ ઘાયલ થયા. આ ટક્કર મેક્સિકો સિટીથી લગભગ ૮૦ માઈલ (૧૩૦ કિલોમીટર) દૂર એટલાકોમુલ્કો શહેરના ઔદ્યોગિક વિસ્તારમાં થઈ. અહીં ગોદામો અને ફેક્ટરીઓ છે. મેક્સિકોની નાગરિક સુરક્ષા એજન્સીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર જણાવ્યું હતું કે અધિકારીઓ હજુ પણ ઘટનાસ્થળે બચાવ કાર્યમાં રોકાયેલા છે. તે જ સમયે, રાજ્યના ફરિયાદીની ઓફિસે આ મામલાની તપાસ શરૂ કરી છે.

બસ 'હેરાડુરા ડી પ્લાટા' નામની બસ લાઈનની હતી, જે ટક્કર બાદ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. એજન્સીએ પુષ્ટિ આપી છે કે અકસ્માતમાં ૧૦ લોકો મૃત્યુ પામ્યા છે અને ૪૧ લોકો ઘાયલ થયા છે.

Volume : 11 Issue : 148 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002